# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. શહેરોને જોડતા 91 માર્ગના વિકાસ માટે 822 કરોડ રૂપિયાની સરકારની મંજૂરી
2. સુરત પોલીસે એક હજાર કરોડથી વધુની સાયબર છેતરપિંડીના કેસમાં અદાલતમાં આરોપનામું દાખલ કર્યું.
3. નવસારીના મેળામાં રાઈડ તૂટી પડવાની ઘટનાની તપાસ સુરત અને વલસાડની FSL ટુકડી કરશે
4. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવતીકાલથી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી
5. કેરળમાં રમાયેલી રાષ્ટ્રીય પાવરલિફ્ટિંગ સ્પર્ધામાં વડોદરાના ત્રણ ખેલાડીએ 11 ચંદ્રક જીત્યા

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CM PATEL NIRNAY

રાજ્ય સરકારે શહેરોને જોડતા અને શહેરમાંથી પસાર થતાં 91 માર્ગના વિકાસ માટે 822 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. શહેરી વિકાસ વર્ષ 2025 અંતર્ગત વિકાસપથ યોજના હેઠળ 233 કિલોમીટર લંબાઈના 91 માર્ગને અદ્યતન બનાવાશે.

ઉપરાંત વિકાસપથ યોજના હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા આવા માર્ગોને જરૂર મુજબ પહોળા કરવા, ઇલેક્ટ્રિક થાંભલા, અદ્યતન રોડ ફર્નિચર, ફૂટપાથ, સહિતની સુવિધા તથા માર્ગ સલામતી સાથે મજબૂતીકરણ કરાશે.

-------------

# SHIVRAJ SINGH ADESH

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે નકલી ખાતર અને બિયારણના વેચાણ મામલે કાર્યવાહી કરવા આદેશ આપ્યો છે. આ મામલે આજે તેમણે કૃષિ વિભાગ અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ – ICARના અધિકારીઓ સાથે ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી.

શ્રી ચૌહાણે અધિકારીઓને પાકના નુકસાનને ગંભીરતાથી લેવા જણાવ્યું. તેમણે નમૂનાઓ નિષ્ફળ જાય તો પગલા લેવા પણ અધિકારીઓને નિર્દેશ આપ્યા છે.

-------------

# SURAT CYBER FROUD

સુરતની ઉધના પોલીસે એક હજાર કરોડ રૂપિયાથી વધુની સાયબર છેતરપિંડીના કેસમાં એક લાખ 50 હજાર પાનાનું આરોપનામું અદાલતમાં દાખલ કર્યું છે. ઉધના પોલીસે આ કેસમાં અત્યાર સુધી ખાનગી બૅન્કના આઠ કર્મચારી સહિત અનેક આરોપીને પકડ્યા છે. આરોપીઓએ બૅન્ક કર્મચારીઓને લાખો રૂપિયાની લાંચ આપી ખાતા ખોલાવ્યા હોવાનું ઉધનાના પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એન. દેસાઈએ જણાવ્યું.

**(BYTE: S. N. DESAI, PI, UDHNA POLICE STATION)**

-------------

# GUJARAT TASK FORCE

રાજ્ય સરકાર દ્વારા નવી ઔદ્યોગિક નીતિ તૈયાર કરવા 12 વિશેષ કાર્યદળની રચના કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, આ કાર્યદળમાં કચ્છના ઔદ્યોગિક સંગઠનનો સમાવેશ કરાયો છે. આ દળમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોના વિકાસ, પર્યાવરણ સુરક્ષા અને પ્રદૂષણ નિયંત્રણ, બીમાર એકમોના પુનરોદ્ધાર અને ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ જેવા મુખ્ય વિષયને આવરી લેવાયા છે.

તાજેતરમાં જ ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ કાર્યદળ સમિતિની પ્રથમ બેઠક ગાંધીનગરમાં યોજાઈ હતી. તેમાં કચ્છના ઔદ્યોગિક સંગઠનના ઉચ્ચ હોદ્દેદારોએ ભાગ લીધો હતો. તેમણે કચ્છ અને રાજ્યના ઔદ્યોગિક

વિકાસના નવી નીતિ દ્વારા નવી ઊંચાઈ સુધી પહોંચાડવા માટે સૂચન આપ્યા હતા.

-------------

# NAVSARI RIDE ACCIDENT

નવસારીમાં બિલિમોરાના સોમનાથ મેળામાં રાઈડ તૂટી પડવાની ઘટનાની તપાસ સુરત અને વલસાડની ન્યાયસહાયક વિજ્ઞાન પ્રયોગશાળા- FSL કરશે. પ્રાન્ત અધિકારી મિતેશ પટેલે કહ્યું, FSL અહેવાલના આધારે કાર્યવાહી કરાશે. ઘટનાની તપાસ માટે નવસારી મનોરંજન વિભાગ દ્વારા ટૅક્નિકલ કમિટીની પણ રચના કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાંજે મેળામાં 52 ફૂટ ઊંચી રાઈડ અચાનક તૂટી પડતા રાઇડમાં સવાર દસમાંથી પાંચ જેટલા લોકો ઇજાગ્રસ્ત થયા હતા. તેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર છે. પોલીસે આ ઘટના અંગે જાણવાજોગ ફરિયાદ લઈ તપાસ હાથ ધરી છે.

-------------

# Rajya kheti niyamak kacheri-margdarshika

રાજ્યની ખેતી નિયામક કચેરીએ કપાસના પાકમાં રોગ-જીવાતના વ્યવસ્થાપન માટે ખેડૂતો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે.

ખેડૂતોને ગુલાબી ઈયળ,  લીલા ઈયળના વધતા ઉપદ્રવ સામે ઉભા પાકને બચાવવા માટે સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM) પદ્ધતિઓ અપનાવવા ભલામણ કરવામાં આવી છે. જીવાતોની વસ્તીને રોકવા માટે લીમડાના તેલના છંટકાવ, લીમડા આધારિત જંતુનાશકો અને ટ્રાઇકોગ્રામા ભમરી અને ક્રાયસોપા ઈંડા જેવા જૈવિક ઉકેલો સૂચવવામાં આવ્યા છે.

ખેતી નિયામક મંડળે રાસાયણ આપતાં જણાવ્યું છે કે, આર્થિક નુકસાનની ભીતિ વધુ હોય ત્યારે જ જંતુનાશકોનો છંટકાવ કરવો જોઈએ. જે વિસ્તારોમાં સ્થાનિક જીવાતોનો ઉપદ્રવ ગંભીર હોય છે, ત્યાં ખેડૂતોને યુનિવર્સિટી દ્વારા ભલામણ કરાયેલ જંતુનાશકોનો જ નિર્ધારિત માત્રામાં ઉપયોગ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. "

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# SHRAVAN SOMVAR

પવિત્ર શ્રાવણ માસના છેલ્લા સોમવારે રાજ્યભરના શિવમંદિરોમાં ભક્તોની ભીડ જામી છે. પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિર હોય કે પછી છોટીકાશીથી પ્રખ્યાત જામનગર દરેક જગ્યાએ શિવમંદિરોમાં "હરહર મહાદેવ"ના નાદ સાથે ભક્તો ભોળાનાથની ભક્તિમાં લીન જોવા મળ્યા.

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં વહેલી સવારથી ભક્તો દર્શનાર્થે આવી રહ્યા છે. મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ભક્તોને અગવડ ન પડે તે માટેની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ આજે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં શીશ ઝૂકાવ્યું. તેમણે શ્રી સોમનાથ ટ્રસ્ટના આંગણવાડીઓના ભૂલકાંઓ માટે દૈનિક લાડુ પ્રસાદ વિતરણનો આરંભ કરાવ્યો. ટ્રસ્ટ દ્વારા આગામી એક વર્ષમાં સાત લાખ લાડુનું વિતરણ કરાશે. સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

**(VOICE CAST: RAJESH BHAJGOTAR)**

જામનગરમાં આજના દિવસે કેવો માહોલ રહ્યો તે અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ

**(VOICE CAST: JAGAT RAVAL)**

-------------

# WEATHER FORECAST

હવામાન વિભાગે આગામી 24 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આવતીકાલે અને બુધવારે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. માછીમારોને 21 ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AMDAVAD)**

દરમિયાન રાજ્યમાં આજે સાંજે છ વાગ્યા સુધીમાં 37 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ ચાર ઇંચ જેટલો વરસાદ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં નોંધાયો છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 69 ટકા વરસાદ થયાના અહેવાલ છે.

-------------

# Junagadh Bridge

જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના સામરડા રોડ સાબલી નદી પર આવેલ બ્રિજ પર તમામ પ્રકારના વાહનો માટે બંધ કરવામાં આવ્યો છે. માંગરોળથી સામરડા અને સામરડાથી માંગરોળ તરફ જતા વાહન વ્યવહાર માટે વૈકલ્પિક રસ્તા તરીકે સામરડા- મેખડી- આજક નેશનલ હાઈવે 51 માધવપુર અને માધવપુર- પાતા- સરમા- સામરડાનો ઉપયોગ કરી શકાશે.

-------------

# POWERLIFTING MEDAL

વડોદરાના ત્રણ પાવરલિફ્ટિંગના ખેલાડીએ કેરળના કોઝીકોડમાં રમાયેલી નેશનલ માસ્ટર્સ ક્લાસિક એન્ડ ઇક્વિપ્ડ પાવરલિફ્ટીંગ ચેમ્પિયનશિપમાં 11 ચંદ્રક જીત્યા છે. સ્પર્ધામાં દેશભરમાંથી 600થી વધુ ખેલાડીએ ભાગ લીધો હતો. તમામ ખેલાડીઓને મ્હાત આપી વડોદરાના ખેલાડીઓએ પાંચ સુવર્ણ, 2 રજત અને ચાર કાંસ્ય ચંદ્રક મેળવ્યા છે. માસ્ટર વન ગૃપમાં 59 કિલો શ્રેણીમાં સુવર્ણ ચંદ્રક જીતનારા ખેલાડી હેમન્ત શિર્કે શું કહે છે સાંભળીએ.

(BYTE: HEMANT SIRKE, PLAYER)

-------------

# GANDHINAGAR ----24 HOUR WATER

ગાંધીનગર મહાનગરપાલિકા રાજ્યનું પ્રથમ 24 કલાક પાણી આપતું શહેર બનશે.

મહાનગરપાલિકાનાં મેયર મીરાં પટેલે જણાવ્યું કે, આવતીકાલથી સેક્ટર 14 થી 29માં 24 કલાક પાણી આપવાની શરૂઆત થશે.

જ્યારે બાકીના સેક્ટરમાં ટૂંક સમયમાં 24 કલાક પાણી અપાશે, અને મીટરના આધારે બિલ આપી વસૂલાત કરાશે. મહાનગરપાલિકાને લિકેજ

અંગે નાગરીકો જાણકારી આપી શકશે. ત્યારબાદ લિકેજ દૂર કરી કામગીરી પૂર્ણ કરાશે.

-------------